eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 302
January 20, 2012



## સુરત મહાનગરપાલિકા સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી પ્રાણીસંગ્રહાલય સરથાણા ખાતે એસીયાટીક સીંહ–સીંહણનું જોડુ જાહેર જનતાના પ્રદર્શનાર્થે ખુલ્લુ મુકવામા આવ્યું.

સુરત મહાનગરપાલિકા સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી પ્રાણીસંગ્રહાલય સરથાણા ખાતે ૮૧ એકરની વિશાળ જગ્યાએ ફેલાયેલા તેમજ ગાઢ વનરાઈ તથા પ્રાકૃતિક વાતાવરણમાં એક્ષચેંન્જ પ્રોગામ હેઠળ સાસણગીર જુનાગઢથી લાવવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૬/૦૧/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનના વહીવટીભવનનું લોકાપર્ણ કરવામાં આવ્યું.



સુરત મહાનગરપાલિકાનાં સુદઢ અને સુચારું પધ્ધતિથી વહીવટ ચાલે તેમજ છેક છેવાડાનાં નાગરિકને પણ ત્વરિત સેવાનો લાભ મળી શકે જે આશયથી શહેરની સાત ઝોનમાં વિકેન્દ્રીકરણ કરવાનો આવેલ છે. જે પૈકી શહેરના સૌથી જુના અને કોટ વિસ્તારનાં નાગરિકોને તમામ આધુનિક સુવિધાઓથી આધુનીકરણ કરેલ એવા સેન્ટ્રલ ઝોનના વહીવટીભવનનું મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ) હસ્તક તા.૧૬/૦૧/૨૦૧૨ના રોજ લોકાપર્ણ કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"

રાજય સરકાર પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા ધ્વારા અમલમાં આવેલ ૧૮ વર્ષની ઉમર સુધીના શાળાએ જતાં અને ૧૪ વર્ષની ઉમર સુધીના શાળાએ ન જતાં બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસણી અને સારવારનો "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ૨૦૧૧–૧૨ સફળતાપૂર્વક પૂર્ણાહૂતી તરફ આગળ વધી રહયો છે. દર વર્ષે લાખો બાળકોની આ કાર્યક્રમ હેઠળ આરોગ્ય તપાસણી અને સારવાર કરવામાં આવે છે. જે પૈકીના જરૂરીયાતવાળા બાળ દર્દીઓને વિના મૂલ્યે દવા–તમામ પ્રકારની તપાસ અને જરૂર જણાય તો ઓપરેશન સહીતની સુવિધા એક પણ રૂપિયાના ખર્ચ કર્યા વિના પુરી પાડવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે તા.૨૧/૦૧/૨૦૧૨ના રોજ દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે તા.૨૧/૦૧/૨૦૧૨ને શનિવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન સુમન હાઈસ્કુલ નં.૬, વિજયાનગર સ્ટેડીયમ પાસે, ઉધના, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૩/૦૧/૨૦૧૨ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુતરાંજલી/પુષ્પાંજલીનો કાર્યક્રમ

આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા તા.૨૩/૦૧/૨૦૧૨ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે સુતરાંજલી/પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી પ્રાણીસંગ્રહાલય સરથાણા ખાતે એસીયાટીક સીંહ–સીંહણનું જોડુ જાહેર જનતાના પ્રદર્શનાર્થે ખુલ્લુ મુકવામા આવ્યું.



સુરત મહાનગરપાલિકા સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી પ્રાણીસંગ્રહાલય સરથાણા ખાતે ૮૧ એકરની વિશાળ જગ્યાએ ફેલાયેલા તેમજ ગાઢ વનરાઈ તથા પ્રાકૃતિક વાતાવરણમાં એક્ષચેંન્જ પ્રોગામ હેઠળ સાસણગીર જુનાગઢથી લાવવામાં આવેલ એસીયાટીક સીંહ–સીંહણનું જોડુ જાહેર જનતાના પ્રદર્શનાર્થે મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ ના વરદહસ્તે આજરોજ તા.૧૩/૦૧/૨૦૧૨ ના રોજ સવારે ૧૦/૩૦ કલાકે ખુલ્લુ મુકવામા આવ્યુ છે. આ પ્રસંગે મેયરશ્રીએ જણાવ્યુ હતુ કે જાહેર જનતા પ્રાકૃતિક ઉધાનમાં વાઘ, દીપડા, રીંછ, હરણ, મગર, હીપોપોટેમસ વિવિધ જાતના પશુઓ સાથે સીંહ–સીંહણને પણ નજીકથી નીહાળી શકશે તેમજ પ્રાણી સગ્રહાલયનો ઉદેશ અને ધ્યેય લુપ્ત થતી વન્ય જાતિઓને બચાવવી તથા સંવનન કરાવી તેમને લુપ્ત થતી અટકાવવાનો હોય છે. શહેરમાં નઝરાણા સમાન પ્રાકૃતિક ઉધાન હોવાનું ગૌરવ અનુભવુ છુ.



આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, મા.ડેપ્યુટી મેયર શ્રીમતી વર્ષા રાણા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મા. શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા. કમિશ્નરશ્રી એમ.કે.દાસ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીઓશ્રીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## તા.૧૬/૦૧/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનના વહીવટીભવનનું લોકાપર્ણ કરવામાં આવ્યું.



સુરત મહાનગરપાલિકાનાં સુદઢ અને સુચારૃં પધ્ધતિથી વહીવટ ચાલે તેમજ છેક છેવાડાનાં નાગરિકને પણ ત્વરિત સેવાનો લાભ મળી શકે જે આશયથી શહેરની સાત ઝોનમાં વિકેન્દ્રીકરણ કરવાનો આવેલ છે. જે પૈકી શહેરના સૌથી જુના અને કોટ વિસ્તારનાં નાગરિકોને તમામ આધુનિક સુવિધાઓથી આધુનીકરણ કરેલ એવા સેન્ટ્રલ ઝોનના વહીવટીભવનનું મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ) હસ્તક તા.૧૬/૦૧/૨૦૧૨ના રોજ લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. સદર ઝોન,ઓફિસના ૧૦૯૫ ચો.મી.(૧૧૭૮૨.૨૦ ચો.ફુટ)માં બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરેલ છે. જે પૈકી બેઝમેન્ટ ફલોર તેમજ ગ્રાઉન્ડ ફલોર ઉપર ટુ વ્હીલર પાર્કિંગ–૮૧ અને કાર પાર્કીંગ–૧૬ તથા જન્મ–મરણ લગ્ન વિભાગની ઓફિસ આવરી લેવામાં આવેલ છે. તેમજ પ્રથમ ફલોર ઉપર ઝોનલ ચીફશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી(ઉત્તર/દક્ષિણ)ડે.ઈજનેરશ્રી,શહેર વિકાસ વિભાગ, જમીન મિલ્કત વિભાગ, રોડ વિભાગ તથા બીજા માળે કોન્ફરન્સ હોલ, ડે.એમ.ઓ.એચ., આસી.જંતુનાશક અધિકારી, આસી.લો ઓફિસર તથા મીટીંગ રૂમ, આરોગ્ય વિભાગ, હાઉસીંગ વિભાગ, લાઈટ વિભાગ, પાણી વિભાગ, સ્ટ્રોમ ડ્રેનેજ તેમજ ત્રીજા માળ ઉપર આકારણી અને વસુલાત વિભાગ તથા આકારણી અને વસુલાત અધિકારી વિભાગ તથા ગુમાસ્તાધારાની ઓફિસો અને ચોથા માળ ઉપર પર્સનલ ઓફિસર તેમજ મહેકમ વિભાગ,ડે.એકાઉન્ટ,હિસાબી વિભાગ/વહીવટી વ્ભિાગની શાખાઓ ફાળવવામાં આવેલ છે. તેમજ વહીવટીભવનમાં લીફટની સુવિધા તથા દરેક ફલોર ઉપર ટોયલેટ બ્લોકની સુવિધાવાળું નિર્માણ રૂા.૩,૩૧,૬૨,૦૦૦/–ના ખર્ચે કરવામાં આવેલ છે. જેની લોકાપર્ણવિધિ વેળાએ મુખ્ય મહેમાનશ્રી કુટીર ઉદ્યોગ,મીઠા ઉદ્યોગ,છાપકામ અને લેખન સામગ્રી(સ્વતંત્ર હવાલો),આયોજન,વાહનવ્યવહાર, રાજયકક્ષાના મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાસંદશ્રીમતિ દર્શનાબેન જરદોશ, સાંસદશ્રી સી.આર.પાટીલ,ડે.મેયરશ્રીમતિ વર્ષાબેન રાણા,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ તેમજ શાસકપક્ષના નેતા શ્રી દયાશંકર સિંહ, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ તથા મ્યુ.સદસ્યશ્રીઓ તેમજ મ્યુ.અધિકારીશ્રીઓ તથા કર્મચારીગણો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.



TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"

રાજય સરકાર પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા દ્વારા અમલમાં આવેલ ૧૮ વર્ષની ઉંમર સુધીના શાળાએ જતાં અને ૧૪ વર્ષની ઉંમર સુધીના શાળાએ ન જતાં બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસણી અને સારવારનો "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ૨૦૧૧–૧૨ સફળતાપૂર્વક પૂર્ણાહૂતી તરફ આગળ વધી રહયો છે. દર વર્ષે લાખો બાળકોની આ કાર્યક્રમ હેઠળ આરોગ્ય તપાસણી અને સારવાર કરવામાં આવે છે. જે પૈકીના જરૂરીયાતવાળા બાળ દર્દીઓને વિના મૂલ્યે દવા–તમામ પ્રકારની તપાસ અને જરૂર જણાય તો ઓપરેશન સહીતની સુવિધા એક પણ રૂપિયાના ખર્ચ કર્યા વિના પુરી પાડવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨માં સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારના શાળાએ જતા અને શાળાએ ન જતાં ૯ લાખ ઉપરાંતના બાળકો પૈકી તા.૧૩/૦૧/૨૦૧૨ સુધીમાં ૮,૬૦,૦૭૩ બાળકોની આરોગ્ય તપાસણી પૂર્ણ કરવામાં આવેલ છે, જે કુલ કામગીરીના ૯૪ % જેટલી છે, આમ આગામી ૩૧ મી જાન્યુઆરી સુધીમાં ૧૦૦% કામગીરીનો લક્ષ્યાંક હાંસલ કરવા તરફ સુરત મહાનગરપાલિકાનો આરોગ્ય વિભાગ અગ્રેસર હોવાનું જણાઈ આવે છે.

આ વર્ષે પ્રગતિ હેઠળ આ કાર્યક્રમ અંતર્ગત તપાસણી કરવામાં આવેલ ૮,૬૦,૦૭૩ બાળકો પૈકીના નાની–મોટી બિમારીગ્રસ્ત કુલ ૫૨,૩૦૦ બાળકોને જે તે શહેરી આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી દ્વારા તપાસી સ્થળ ઉપર દવા સારવાર આપેલ છે, જયારે વધુ સારવારની જરૂર જણાયેલ ૪,૮૩૨ બાળકોને વિના મૂલ્યે સારવાર સંદર્ભસેવા હેઠળ શહેરની સ્મીમેર, નવી સિવિલ, મસ્કતિ હોસ્પિટલોમાં નિષ્ણાંત તબીબો પાસે તપાસ કરાવી સારવાર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જયારે હદય, કીડની, કેન્સર અને અન્ય ગંભીર બિમારીઓ માટે મફત સારવારની મંજુરી આપી ૪૩ બાળકોને અમદાવાદ ખાતે રીફર કરી દવા–સારવાર–ઓપરેશન સહીતની સારવાર વિના મૂલ્યે કરાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચશ્માની જરૂરીયાતવાળા બાળકોને જુની સિવિલ હોસ્પિટલ ખાતેથી વિના મૂલ્યે ચશ્મા પુરા પાડવામાં આવે છે.

જરૂરીયાત મંદ બાળકો અને ગંભીર બિમારીમાં ઓપરેશન સહીતની મોંઘી સારવારના મસમોટા ખર્ચને પહોંચી વળવા અસમર્થ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોના વાલીઓ માટે આર્શીવાદરૂપ આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ તા.૨૪/૦૧/૨૦૧૨ને બદલે આગામી ૩૧ મી જાન્યુઆરી સુધી લંબાવવામાં આવેલ હોય, તેનો લાભ લેવા જરૂરીયાત મંદ બાળકોના વાલીઓને સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે  તા.૨૧/૦૧/૨૦૧૨ના રોજ દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે તા.૨૧/૦૧/૨૦૧૨ને શનિવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન સુમન હાઈસ્કુલ નં.૬, વિજયાનગર સ્ટેડીયમ પાસે, ઉધના, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## તા.૨૩/૦૧/૨૦૧૨ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુતરાંજલી/પુષ્પાંજલીનો કાર્યક્રમ

આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૫ મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા તા.૨૩/૦૧/૨૦૧૨ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે સુતરાંજલી/પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP